પૂર્વછાયો- પછી લોકમાં એમ જાણિયું, સ્વામી પાસે આવ્યા છે સંત।
નાની વયમાં ન થાય એવાં, કર્યાં છે તપ અનંત ॥૧॥
તે સુણી દેશોદેશથી, આવે છે નર ને નાર ।
યોગી ત્યાગી દર્શને, આવે લોક હજારો હજાર ॥૨॥
તે મનુષ્યને સ્વામી પોતે, ઓળખાવે છે બ્રહ્મચાર ।

કૃશ તને તપસી અતિ, જોઈ વિસ્મય પામે નરનાર ॥૩॥
પછી પુછે છે સ્વામીને, ક્યાંથી આવ્યા આ વર્ણીરાજ ।
નાની વયમાં મોટા અતિ, તપ કરે છે મહારાજ ॥૪॥

ચોપાઇ- જોને પહેરી છે યજ્ઞોપવિત, જટા શિશે શાંતિ અતિચિત્ત ।
નાડિયો જે શરીર મોઝાર, સર્વે નિસરિ રહી છે બાર ॥૫॥
ઉર્ધ્વપુંડ્ર ને તુલસીની માળા, ઉદાર છે પાસે મૃગછાલા ।
ધ્યાને કરી સ્થંભ્યાં છે લોચન, અતિ વિસારિ મુક્યું છે તન ॥૬॥
બહુ નિસ્પૃહી ને નિરમાન, એવા આ કોણ છે ભગવાન ।
ત્યારે સ્વામી કહે સુણો તેહ, આવ્યા કોશળ દેશથી તેહ ॥૭॥
એનાં માતા પિતા હતાં જેહ, અતિ ધર્મવાળાં બેઉ તેહ ।
કરતાં ભગવાનની ભક્તિ, તે સુણતાં પોતે હેતે અતિ ॥૮॥
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય માહાત્મ્ય, જેમ સાંભળ્યું છે રહે છે તેમ ।
એણે સર્વે સંબંધીને ત્યાગી, ગયાતા વનમાં બડભાગી ॥૯॥
તિયાં ઘોર તપ અતિ કરી, કર્યા ભક્તિએ પ્રસન્ન શ્રીહરિ ।
ત્યાંથી આવ્યા છે હરિઇચ્છાયે, કર્યાં તપ તે ધ્રુવે ન થાયે ॥૧૦॥
એવાં સ્વામીનાં વચન સાંભળી, અતિવિસ્મય પામ્યાં જન વળી ।
પછી નિરખી હરખી જન, ગયાં પોતપોતાને ભવન ॥૧૧॥
પછી જાણી ડાહ્યા ને ચતુર, રાખ્યા સ્વામીએ પોતા હજુર ।
કૃષ્ણ પૂજામાં પ્રવિણ જાણી, રાખ્યા આપવા સામગ્રી આણી ॥૧૨॥
પછી પોતે પોતાની જે સેવ, કરે વહેલા ઉઠી તતખેવ ।
પછી સ્વામીને પૂજવા સમે, કરે પરિચર્યા જેમ ગમે ॥૧૩॥
તુલસી ચંદન પુષ્પ ને ધૂપ, લાવે નૈવેદ્ય આણી અનૂપ ।
જેમ મનતણી જાણે કોયે, લાવી આપે પોતે જેજે જોયે ॥૧૪॥
પછી રાજી થયા તેહ માથે, થયા વશ પોતે વર્ણિ સાથે ।
એમ રહી કરી પૂજા ઘણી, રામાનંદજીએ કૃષ્ણ તણી ॥૧૫॥
આપી પૂજા સામગરી જેહ, લીધી સાક્ષાત સરવે તેહ ।
તે ઉદ્ધવ વિના બીજા કોઇ, નથી દેખતાં તે જન સોઇ ॥૧૬॥

પછી સ્વામી ઇચ્છ્યા મનમાંય, મારી પેઠે વર્ણિને દેખાય ।
ત્યારે શ્રીકૃષ્ણને સ્વામી કહે છે, વર્ણી દર્શન તમારાં ઇચ્છે છે ॥૧૭॥
પછી હસી બોલ્યા ભગવાન, દેશું વર્ણીને દર્શનદાન ।
એમ કહી દીધું દરશન, નિરખી વર્ણી થયા પરસન ॥૧૮॥
પછી ગુરુની સેવામાં રહ્યા, એવા હરિ સ્વામીને ભાવિયા ।
આપે અન્નપ્રસાદિ તે જમે, કરે તે તે જે સ્વામીને ગમે ॥૧૯॥
પછી જ્યારે જ્યારે પૂજે સ્વામી, ત્યારે નિત્ય દેખે બહુનામી ।
પછી વર્ણિએ જાણ્યું એ રીત્યે, પૂજું હું દિયે દર્શન પ્રીત્યે ॥૨૦॥
લિયે છે પૂજા જે સ્વામી દીયે, તેમ મારી પણ પ્રભુ લીયે ।
એમ લેશે પ્રભુ પૂજા જ્યારે, હું કૃતારથ માનિશ ત્યારે ॥૨૧॥
તે શ્રીસ્વામીની સેવાએ કરી, કરશે મનોરથ પુરો હરિ ।
પછી સ્વામીની સેવા શ્રધ્ધાયે, કરતાં વીત્યું છે ચોમાસું ત્યાંયે ॥૨૨॥
સંવત્ અઢાર વર્ષે સતાવન, કાર્તિકશુદિ દન પાવન ।
એકાદશી પ્રબોધની નામ, અતિસુંદર સુખનું ધામ ॥૨૩॥
તેદિ મહાદીક્ષા દેવાને કાજ, ઇચ્છ્યા રામાનંદજી મહારાજ ।
પછી મહાદીક્ષા લેવાને માટે, કર્યો ઉપવાસ વર્ણિરાટે ॥૨૪॥
પછી શ્રીકૃષ્ણમંત્રનો જાપ, કર્યો મહાદીક્ષા લેવાને આપ ।
તિયાં તેડ્યો બ્રાહ્મણ અમલ, પોતાના સંપ્રદાયમાં કુશલ ॥૨૫॥
તે પાસે વેદશાસ્ત્રની વિધિ, કરાવી તે તે સરવે કીધી ।
પછી શ્રીકૃષ્ણનો મંત્ર જેહ, અષ્ટાક્ષર કહેવાય છે તેહ ॥૨૬॥
કહ્યો જમણા કાનમાં તે વાર, અર્થે સહિત કરી ઉચાર ।
પ્રબોધની એકાદશી દન, આપ્યું મહાદીક્ષારૂપી ધન ॥૨૭॥
બહુવિધે વાજાં વજડાવી, કર્યો ઉત્સવ સંત તેડાવી ।
આવ્યા બ્રહ્મચારી વળી સંત, વધ્યો આનંદ સહુને અત્યંત ॥૨૮॥
કહ્યો એજે શ્રીકૃષ્ણનો મંત્ર, તેનો અર્થ કહ્યો ધાર્યો અંત્ર ।
અંતઃકરણની વૃત્તિયો જેહ, કરવા નિરોધ મંત્ર છે એહ ॥૨૯॥
થાય હૃદયમાંહિ પ્રકાશ, પામે કૃષ્ણદર્શન ફળ દાસ ।

એહ મંત્ર ફળ સુખકારી, કહે સ્વામી સુણો બ્રહ્મચારી ॥૩૦॥
દેહસ્મૃતિ જ્યાં લગણ હોય, ધર્મ તજવો નહિ કહું સોય ।
તે ધર્મ કહ્યા તાતે તમારે, તમે પાળો છો તે અનુસારે ॥૩૧॥
વળી પાળજ્યો વિશેષ તમે, એ શિખામણ દઉં છું અમે ।
કૃષ્ણપૂજા મને બારે કરજ્યો, પંચાધ્યાય પાઠ ઓચરજ્યો ॥૩૨॥
આપ શક્તિ પ્રમાણે પરમ, પાઠ કરવો વાસુદેવ માહાત્મ્ય ।
ફળ દળ પ્રસાદીનું લેવું, જળ પણ પ્રસાદીનું પિવું ॥૩૩॥
કૃષ્ણનિવેદનું અન્ન જેહ, જમવું અધિક કરી સ્નેહ ।
પહોર રાત્ય જાતાં નિત્ય સુવું, પહોર પાછલી રાત્યે ઉઠવું ॥૩૪॥
પૃથ્વીપર કરવું આસન, કરવું કૃષ્ણનામ કીરતન ।
કૃષ્ણભક્તિ વિના કોઈ કાળ, વૃથા ન જાવા દેવો દયાળ ॥૩૫॥
જે ગ્રંથ કૃષ્ણમાહાત્મ્યે સહિત, તે સુણજ્યો કહેજ્યો કરી હેત ।
એમ ધર્મ ઉપદેશ આપ્યા, શિષ્યમાં મુખ્ય મોટેરા સ્થાપ્યા ॥૩૬॥
પછી અર્થે સહિત પાડ્યું નામ, લેતાં જન પામે સુખધામ ।
સહજે સંતને સુખ ભંડાર, એહ અરથને અનુસાર ॥૩૭॥
સહજાનંદ જગવંદ જેહ, કહ્યું નામ તમારું છે તેહ ।
તપ સ્વભાવે આકારે કરી, નારાયણ સમ તમે હરિ ॥૩૮॥
માટે નારાયણમુનિ નામ, કહેશે સર્વે પુરુષ ને વામ ।
એમ નામ સ્વામી રામાનંદે, કહ્યાં તે સાંભળ્યાં સુખકંદે ॥૩૯॥
પછી વર્ણિ સ્વામીની તે વારે, કરી પૂજા ષોડશ ઉપચારે ।
કરી પ્રદક્ષિણા દંડવત, પછી પૂજ્યા છે સંત સમસ્ત ॥૪૦॥
પૂજ્યા વર્ણિ વિપ્ર ભલિવિધિ, વેદશાસ્ત્રવિધિ પુરી કીધિ ।
પછી હાથ જોડી ઉભા આગે, કરે સ્તુતિ અતિ અનુરાગે ॥૪૧॥
ત્યારે સ્વામી કહે મુજ પાસ, માગો વર જેવી હોય આશ ।
ત્યારે વર્ણિ કહે માગવું એ છે, જેમ તમારી પૂજા કૃષ્ણ લે છે ॥૪૨॥
વળી પ્રગટ દીએ છે દર્શન, તેમ મારે થાય ભગવન ।
એહ માગું છું હું મહારાજ, બીજી ઇચ્છા નથી મારે આજ ॥૪૩॥

ત્યારે સ્વામી કહે સત્યવચન, લેશે પૂજા ને દેશે દર્શન ।
એમ કહેતાં સાંભળતાં વાત, ગયો દિન ને પડિ છે રાત ॥૪૪॥
કર્યું જાગરણ સહુ મળી જન, ગાયાં શ્રીકૃષ્ણનાં કીરતન ।
એમ કરતાં થયું સવાર, કરાવી રૂડી રસોયું ત્યાર ॥૪૫॥
જમ્યા બ્રાહ્મણ ને બ્રહ્મચારી, સાધુ સત્સંગી નરનારી ।
સહુ જમાડ્યા સ્વામી રામાનંદે, કર્યો મોટો ઉત્સવ આનંદે ॥૪૬॥
આપ્યાં વસ્ત્ર ને દક્ષિણા બહુ, રાજી થઈ ગયા દ્વિજ સહુ ।
પછી સ્વામીની પેઠ્યે પૂજન, લિયે નિત્યે તે પ્રીત્યે શ્રીકૃષ્ણ ॥૪૭॥
તેણે રાજી થયા હરિ ઘણું, માન્યું પોતે કૃતારથપણું ।
વળી આપે એમજ દર્શન, તેણે પોતે રહેછે પ્રસન્ન ॥૪૮॥
દ્વિભુજ રૂપ રાધિકાસંગે, સુંદર વેણું વજાડે ઉમંગે ।
મનોહર મૂર્તિ નટવર, દેખે છેલછબિલો સુંદર ॥૪૯॥
ક્યારેક રમા સંગે રંગરાજ, ક્યારેક રુકિમણી સંગે મહારાજ ।
ક્યારેક સખા સંગે અરજુન, ક્યારેક એકાએક થાય દર્શન ॥૫૦॥
ક્યારેક દ્વિભુજ ચતુર્ભુજ દેખે, દેખે અતિમોદ મન લેખે ।
એમ આપે ધર્યું નરનાટ્ય, કરે ચરિત્ર પોતે તે માટ ॥૫૧॥
વેશ તપસ્વીનો છે તે કાજ, કરે મનુષ્યચરિત્ર મહારાજ ।
એમ કૃષ્ણની બુધ્ધિએ કરી, સેવે છે ગુરુને પોતે હરિ ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણિને મહાદીક્ષા આપી એ નામે પિસતાલીસમું પ્રકરણમ્ ॥૪૫॥